રોજગારમાં બેરોજગારી

વાંસદાના શ્રમિકોને જીરામજીનું જૂનથી મહેનતાણું મળ્યું નથી

દિવાળી ટાણે જ રૂપિયા 1.58 કરોડની ચૂકવણી ન થતાં ધારાસભ્ય અનંત પટેલની 'ન્યાયયાત્રા'ની ચીમકી

વાંસદા : વાંસદા તાલુકામાં જીરામજી યોજના હેઠળ કામ કરતા શ્રમિકોને જૂન મહિનાથી મજૂરી ન મળતાં શ્રમિકો અને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. દિવાળીના પવિત્ર તહેવાર ટાણે જ મહેનતાણું અટવાઈ પડતાં વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલની અધ્યક્ષતામાં શ્રમિકો અને કર્મચારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ધારાસભ્યએ તંત્રને આડે હાથ લેતાં સ્પષ્ટ ચીમકી આપી હતી કે, આગામી ત્રણ દિવસમાં શ્રમિકો અને કર્મચારીઓનું બાકી વેતન ચૂકવવામાં નહીં આવે અને તેમના ઘરોમાં દિવાળીના દીવા નહીં પ્રગટે, તો આગામી 4 નવેમ્બરના રોજ વાંસદા ખાતે શ્રમિકો અને કર્મચારીઓને સાથે રાખીને વિશાળ 'ન્યાયયાત્રા' કાઢવામાં આવશે. વાંદરવેલાના સરપંચ સંજય પટેલે જણાવ્યું હતું કે, ગત વર્ષે સરપંચોને ફાળવવામાં આવેલી આંબાની કલમોની રોપણી સહિતની મજૂરી પણ હજુ સુધી ચૂકવાઈ નથી. આ બેઠકમાં વાઘાબારીના સરપંચ સોનલબેન, વાંસકુઈના સરપંચ નવીનભાઈ, દુબળફળિયાના સરપંચ મહેન્દ્રભાઈ, કંબોયા ગામના માજી સરપંચ અનિલ પટેલ તથા અગ્રણી કિશોરભાઈ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ગામમાં પાંચ મહિનાનું વેતન બાકી	આ કર્મચારીનો પગાર પણ બાકી
વાંદરવેલ, પ્રતાપનગર, રૂપવેલ, વાંસકુઈ, દુબળફળિયા, વાઘાબારી	મેટ કર્મચારી, ગ્રામ રોજગાર સેવક, ટેકનિકલ આસિસ્ટન્ટ

નવસારી જિલ્લાના 3 કરોડ બાકી

ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં જીરામજી યોજના હેઠળ અંદાજે રૂપિયા 43.04 કરોડની ચૂકવણી બાકી છે. જેમાં નવસારી જિલ્લાના રૂપિયા 3 કરોડ અને માત્ર વાંસદા તાલુકાનાં જ રૂપિયા 1,58,80,[illegible] ની મજૂરી તેમજ સામગ્રીની રકમ બાકી છે.

વેતન ચૂકવણીના નિયમો

(1) ચૂકવણીનો સમયગાળો : યોજનાના નિયમો મુજબ, મસ્ટર રોલ (Muster Roll) બંધ થયાના 8 થી 15 દિવસ (એક પખવાડિયા) ની અંદર શ્રમિકોના બેંક અથવા પોસ્ટ ઓફિસ ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા વેતન જમા કરી દેવાનું રહે છે.

(2) વિલંબનું વળતર: જો મસ્ટર રોલ બંધ થયાના 15 દિવસની અંદર વેતનની ચૂકવણી ન થાય, તો શ્રમિકોને વિલંબ બદલ દરરોજ 0.05% ના દરે વળતર (Penalty Compensation) મેળવવાનો પણ કાનૂની હક મળે છે.

ફડવેલમાં ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીની ઉજવણી માટે બેઠક

ઘેજ : ચીખલીના ફડવેલ ગામે ભગવાન બિરસા મુંડાજીની (૧૫૧) મી જન્મ જયંતીની ઉજવણી માટે ભાજપના એસ.ટી મોર્ચાની બેઠક યોજાઈ હતી. ધરતીઆબા ભગવાન બિરસા મુંડાજીની સ્વતંત્રતા સંગ્રામમાં તેમના અથાક બલિદાન અને ગૌરવશાળી યોગદાનની સ્મૃતિમાં તા. ૧૧ થી ૧૮ નવેમ્બર દરમિયાન 'જનજાતિ ગૌરવ સપ્તાહ' ઉજવવામાં આવી રહ્યું છે તેની તૈયારીના ભાગરૂપે ફડવેલમાં બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ એસ.ટી.મોરચા મંત્રી દિપ્તીબેન અને નવસારી એસ.ટી મોરચા ઉપપ્રમુખ બિરેન પટેલ, તાલુકા ભાજપના પ્રમુખ મયંકભાઈ, મંત્રી સમીરભાઈ, એસ.ટી.મોરચાના પ્રમુખ પંકજભાઈ, મહામંત્રી મહેશભાઈ અને તમામ હોદ્દેદારો હાજર રહ્યા હતા. આદિવાસી સમાજનાં જાતી અંગેના પ્રમાણપત્રો માટે પડતી મુશ્કેલીઓ બાબતે વિચારણા કરી રજૂઆત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

વાપીના તળાવમાં માછલાંના મોત બાદ GPCBએ પાણીના નમૂના લીધા

તળાવના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવાને કારણે માછલીઓનાં મોત થયાં હોવાની શંકા

વાપી : વાપી મહાનગરપાલિકા વિસ્તારના ડુંગરાના તળાવમાં મોટી સંખ્યામાં માછલાંનાં એકસાથે મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. ડુંગરા ગુરુદ્વાર પાસે આ તળાવમાં માછલીઓના એક સાથે મરવા અંગે મનપાએ તાકીદે ટીમ દોડાવી હતી.

પ્રાથમિક તપાસમાં તળાવના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવાને કારણે માછલીઓનાં મોત થયાં હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. મનપા પાસેથી મળતી માહિતી મુજબ વાપી મનપામાં તળાવના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટવાની સાથે પાણીમાં ગંદકી અને જૈવિક કચરો વધવો, પાણીની અવરજવર ઓછી હોવી તેમજ પાણીમાં ઓક્સિજન ભેળવવાની વ્યવસ્થા ના હોય ત્યારે આવું બની શકે છે.

વાપીના તળાવમાં માછલીઓના સામટે મોતના પગલે વાપી મનપાની ટીમની સાથે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (જીપીસીબી)ની ટીમે પણ નિરીક્ષણ કર્યું હતું. તેમજ પાણીના નમૂના લીધા હતા. તળાવની બાજુમાં કોઈ ઔદ્યોગિક એકમ ન હોવાથી માછલાંઓના મોત કઈ રીતે થયા તેનું કારણ જાણવા તપાસ થઈ હતી. જીપીસીબીએ લીધેલા નમૂનાનાં કોઈ કેમિકલ કે ઝેરી દવા નાંખવાથી માછલીઓના મોત ન થયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. તેમજ પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવાથી આ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું. વાપી મનપાના અધિકારીઓએ નિરીક્ષણ બાદ તળાવના પાણીમાં ઓક્સિજન પ્રમાણ જળવાય તેના માટે એરેટર લગાવવાનો નિર્ણય લેવાયો હતો.

છરવાડાના મકાનમાં લાખોની ચોરી કરનાર મુંબઈથી ઝડપાયો

પોલીસે 200થી વધુ સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી દબોચી ઝડપી લીધો

પકડાયેલા આરોપી સામે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કુલ 69 જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું ખૂલ્યું

વાપી : વાપીના છરવાડા સ્થિત વર્ગ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના રો-હાઉસમાં રહેતા અને મૂળ પોરબંદરના અજયકુમાર ભગવાનદાસ દોશી (ઉ.વ. 62) ની પુત્રીના લગ્ન નક્કી થયા હોય, ગત 24 ઓક્ટોબર 2026ના રોજ સાંજે પરિવાર મકાન બંધ કરીને ઘરવખરી ખરીદી માટે વાપી બજાર ગયો હતો. રાત્રે સાડા આઠેક વાગ્યાની આસપાસ પરિવાર પરત ફર્યો ત્યારે બેડરૂમની લાકડાની બારી અને લોખંડની ગ્રીલ તૂટેલી હાલતમાં જોવા મળી હતી. કબાટમાં મૂકેલા સોના-ચાંદીના દાગીના અને રૂપિયા 12 લાખ રોકડ મળી કુલ રૂપિયા 32,62,482 ની મતાની ચોરી થઈ હોવાની ફરિયાદ તેમણે વાપી ડુંગરા પોલીસ મથકે નોંધાવી હતી.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને એલસીબી પીઆઈ. એજી. રોઝના માર્ગદર્શન હેઠળ પોલીસે ગુનાવાળી જગ્યાથી લઈને મુંબઈ સુધીના રસ્તાના 200થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા. ટેક્નિકલ એનાલિસિસ અને બાતમીના આધારે પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આલિશ ઉર્ફે ડાન્સર દત્તારામ ગોપાલ સામંત (રહે. વિરાર ઈસ્ટ, મુંબઈ) ને મહારાષ્ટ્રના ઘાટકોપરથી ઝડપી પાડ્યો હતો.

પોલીસ પૂછપરછમાં આરોપીએ વાપીના આ બંગલામાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી સોના-ચાંદીના ઘરેણા, રોકડ રૂપિયા 5,48,830, બે મોબાઈલ ફોન અને ચોરીના સાધનો મળી કુલ રૂપિયા 10,20,780 નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી અગાઉથી રેકી કરીને બંધ મકાનને નિશાન બનાવતો હતો. ખાસ વાત એ છે કે આ કુખ્યાત તસ્કર સામે મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ પોલીસ મથકોમાં અગાઉથી જ કુલ 69 ગુનાઓ નોંધાયેલા છે.

વલસાડના પાથરીમાં ડેકોરેશનના ગોડાઉનમાં ભીષણ આગ ભભૂકી

દૂર-દૂર સુધી આગની જ્વાળાઓ દેખાતા સ્થાનિકોમાં અફરાતફરી મચી

વલસાડ : વલસાડ તાલુકાના પાથરી ગામે આજે એક મોટી હોનારત સર્જાતા રહી ગઈ હતી. ગામમાં આવેલા પ્રખ્યાત જલારામ મંદિરની બિલકુલ સામે સ્થિત 'કરણ ડેકોરેશન'ના મુખ્ય ગોડાઉનમાં અચાનક જ ભીષણ આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં એટલું રોદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે ગોડાઉનની અંદર રાખવામાં આવેલો મોટા ભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો છે.

પાથરી ગામે જલારામ મંદિર પાસે આવેલા કરણ ડેકોરેશનના ગોડાઉનમાં કોઈ અગમ્ય કારણોસર અચાનક ધુમાડાના ગોટા નીકળવાના શરૂ થયા હતા. જોતજોતામાં આગે આખા ગોડાઉનને લપેટમાં લઈ લીધું હતું. ડેકોરેશનનો સામાન (જેમ કે કાપડ, પ્લાસ્ટિક, ફાઈબર અને લાકડાની સામગ્રી) હોવાને કારણે આગ વધુ ઝડપથી પ્રસરી ગઈ હતી અને દૂર-દૂર સુધી આગની જ્વાળાઓ દેખાવા લાગી હતી. આગ લાગતાં જ આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને કૌતુકનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ તુરંત જ આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બનાવની ગંભીરતા જોઈને વલસાડ ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો સતત મારો ચલાવીને કલાકોની મહેનત બાદ આખરે આ વિકરાળ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ ભયાનક દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે કોઈ વ્યક્તિને ઈજા થઈ નથી, જે મોટી રાહતની વાત છે.

સંક્ષિપ્ત સમાચાર

બીલીમોરા ચરોતર પાટીદાર સમાજ દ્વારા શરદપૂર્ણિમા ઉત્સવ

બીલીમોરા : બીલીમોરા ચરોતર પાટીદાર સમાજ દ્વારા શરદપૂર્ણિમાના પાવન અવસરે પટેલ કોઠી મેં આવેલા પરિસરમાં શરદ મહોત્સવ ઉજવાયો હતો. આ ઉત્સવમાં ચરોતર પાટીદાર સમાજના અગ્રણી [illegible] અને બીલીમોરા ક્લબના ચેરમેન રમેશભાઈ પટેલના ધર્મપત્ની [illegible] પટેલ તથા કુલ [illegible] વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સમાજના પ્રમુખ પ્રા. દિપેશ પટેલ, મંત્રી અમિત પટેલ, પૂર્વ પ્રમુખ નિલય પટેલ, [illegible] પટેલ, [illegible] પટેલ, [illegible] પટેલ સહિતના આગેવાનો અને કાર્યકરો પણ જોડાયા હતા. દરમિયાન સૌએ ગરબા-રાસની રમઝટ બોલાવતા સમગ્ર પરિસર આનંદમય અને ભક્તિમય બની ગયો હતો. આ પ્રસંગે સમાજના પ્રમુખ પ્રા. દિપેશ પટેલે જણાવ્યું હતું કે, આવા સામૂહિક ઉત્સવો સમાજના સભ્યોને એકસૂત્રે બાંધી રાખે છે, આનંદ અને પરસ્પર સૌહાર્દની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. અંતે સૌએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

સોલધરાના પૂર્વ ડેપ્યૂટી સરપંચનું ટૂંકી માંદગી બાદ નિધન

ઘેજ : ચીખલી તાલુકાના સોલધરા ગામના અગ્રણી અને પૂર્વ ડેપ્યૂટી સરપંચ ઉકાભાઈ પટેલનું ટૂંકી માંદગી બાદ ૮૦ વર્ષની વયે નિધન થયું હતું. સોલધરાના મહેતા ફળિયા ના રહેવાસી અને ગામના પૂર્વ ડેપ્યૂટી સરપંચ ઉકાભાઈ રવજીભાઈ પટેલનું નિધન થતા તેમની અંતિમ યાત્રામાં સ્વજનો, રાજકીય, સહકારી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. સ્વ. ઉકાભાઈ પટેલ [illegible] સેવા સહકારી મંડળીમાં પણ ઘણી વખત સેવા બજાવી હતી અને તેઓના મિલનસાર સ્વભાવને કારણે તેમણે સારી એવી લોકપ્રિયતા મેળવી હતી. વધુમાં તેમના પુત્ર શૈલેષ પટેલ કે જેઓ [illegible] પટેલના નામથી જિલ્લામાં જાણીતા હોય તેમણે રાજકીય વારસો જાળવી રાખી ૨૦૧૫ના વર્ષની સમરોલી બેઠક પરથી જિલ્લા પંચાયતના સભ્ય પદે રહી જિલ્લામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. હાલમાં દરેક ક્ષેત્રે સેવકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.

વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે અવેરનેસ સેમિનાર યોજાયો

વાપી : ડિરેક્ટર ઓફ બોઇલર્સ, લેબર, સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ ગુજરાત સ્ટેટ સુરત રિજનના વાપી ડિવિઝન દ્વારા વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) ના સહયોગથી ગુરુવારે વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે બોઇલર ઓપરેશન, મેઇન્ટેનન્સ અને સેફ્ટી વિષય પર એક અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત ડિવિઝનના નાયબ નિયામક પી. સી. [illegible], મદદનીશ નિયામક અશ્વિન ગોપાલ, કે.બી. પરમાર અને વી.આર. ચૌહાણ નિષ્ણાત તરીકે હાજર રહી બોઇલરના ઇન્સ્ટોલેશન, ઓપરેશન, મેઇન્ટેનન્સ, વોટર કેમેસ્ટ્રી તેમજ બોઇલરમાં બોઇલર સંબંધિત અકસ્માત કેવી રીતે નિવારી શકાય જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરી બોઇલર ઓપરેટરો તેમજ એન્જિનિયરોને સાચી સમજણ આપી હતી. આ સેમિનારમાં VIA ના પ્રમુખ સતિષભાઈ પટેલ, ઉપપ્રમુખ [illegible] અને જિલ્લા ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય (DISH) ના નાયબ નિયામક [illegible] હાજર રહી ઉપસ્થિત ઉદ્યોગકારોનો ઉત્સાહ વધાર્યો હતો.

નાનાપોંઢામાં બે કારમાંથી દારૂ ઝડપાયો

વલસાડ : નાનાપોંઢા પોલીસે બાતમીના આધારે વલસાડ તાલુકાના [illegible] ગામ નજીક આવેલા બુલેટ ટ્રેન પુલ પાસેથી બે લક્ઝરી કાર ઝડપી પાડી હતી. પોલીસે તપાસ દરમિયાન [illegible] જણાતાં કેટા અને [illegible] કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકોએ કાર ભગાવી મૂકી હતી. બાદમાં પીછો કરતાં કારના ચાલકે કાબૂ ગુમાવતા તે દિવાલ સાથે અથડાઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી બે વ્યક્તિઓ [illegible] પટેલ અને સતીશ [illegible] ઝડપી લીધા હતા, જ્યારે કારના ચાલકો અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને કારમાંથી કુલ રૂ. 7,48,180 ની કિંમતની વિદેશી 3,108 બોટલો કબજે કરી હતી. કાર, દારૂ અને મોબાઇલ ફોન સહિત કુલ રૂ. 18,01,180 નો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે રાહુલ ઉર્ફે [illegible], નવીન કિશોર રાઠોડ અને પ્રોહી ગુનાનો માલ મંગાવનાર [illegible] ઉર્ફે [illegible] વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

નાની દમણમાં વીજ વાયર નમી પડતાં ટ્રાફિક જામ

દમણ : સંઘપ્રદેશ દમણના નાની દમણ વડચોકી મુખ્ય માર્ગ પર વીજલાઇનના હેવી વીજ વાયર અચાનક રસ્તા પર નમી પડતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. જેના કારણે માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં વિદ્યુત વિભાગના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતાં. કર્મચારીઓએ સૌ પ્રથમ વીજ પુરવઠો બંધ કરી નમી પડેલા હેવી કેબલ વાયરોને પુનઃ ટાઇટ કરવાની કામગીરી હાથ ધરી હતી. કામગીરી પૂર્ણ થતાં વાહનવ્યવહાર પૂર્વવત્ થયો હતો. જોકે, સદનસીબે કોઈ રાહદારી કે વાહનચાલક ચાલુ વીજ વાયરના સંપર્કમાં નહીં આવતાં મોટી દુર્ઘટના ટળી હતી.

તિથલમાં શરદ પૂનમ અને ચંદી પડવા પર સ્ટ્રીટ લાઇટો બંધ

વલસાડના તિથલ ખાતે શરદ પૂનમ અને ચંદી પડવાની રાત્રે સ્ટ્રીટ લાઇટો બંધ જોવા મળી હતી. આ મહત્વના તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં ફિરેલા લોકો અંધારામાં રજળતા ભારે નારાજગી ફેલાઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, તાજેતરમાં જ અહીં નવી લાઇટો લગાવવામાં આવી હોવા છતાં આ પ્રકારની અસુવિધા સર્જાઈ છે, જે જનતાની લાગણી સાથે ચેડા સમાન છે. તંત્રની આ લાપરવાહી સામે પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે.

ડાંગ જિલ્લામાં પોલીસ સ્મૃતિ દિવસ યોજાયો

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પોલીસ સ્મૃતિ દિવસ કાર્યક્રમ યોજાયો હતો. શહીદ વીર જવાનોની સ્મૃતિમાં વિજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશ ગામીત, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ સહિતના પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસ સ્મૃતિ દિવસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશની સુરક્ષા અને ફરજના પાલન દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદ પોલીસ જવાનોની સેવાને સ્મરણ કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

પંચાયત ચૂંટણી ટાણે જ નાનાપોંઢા તાલુકા કોંગ્રેસમાં કમઠાણ ચાલુ

સમાંતર કમિટી બનાવનાર આગેવાનોને 'શો કોઝ નોટિસ'

કોને કોને નોટિસ અપાઈ

કિશોરભાઈ નાયક, [illegible] પટેલ, નાનેશ [illegible] પટેલ, કુંજનબેન ડી પટેલ, બાબુભાઈ જી. વરઠા

વલસાડ : નાનાપોંઢા તાલુકા કોંગ્રેસમાં પ્રમુખ સહિત સમિતિની રચેલી રચના વિવાદમાં આવતા કોંગ્રેસમાં કમઠાણ સર્જાયું છે. અગાઉ પ્રમુખ સહિત સમિતિઓની રચના બાદ નારાજ જૂથે અરનાલામાં બેઠક યોજી નવા પ્રમુખની રચના કરી હતી. જોકે આ નિયુક્તિ ગેરકાયદે હોવાનું જણાવી તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રમુખના નિવાસ સ્થાને પત્રકાર પરિષદ યોજી અલગ ચોકો બનાવનાર જૂથના આગેવાનો સહિતને શો કોઝ નોટિસ પાઠવી ખુલાસો મંગાવ્યો હોવાનું પ્રમુખે જણાવ્યું હતું. નોટિસમાં અલગ રીતે ભેગા થઈ પાર્ટીને તોડવા માટે મિટીંગો યોજી પાર્ટીની છબી ધૂમિલ કરવાની નીતિ બાબતે આપ પર લાગેલા આરોપો સ્પષ્ટપણે પાર્ટીના બંધારણનું અને આદેશોની અવગણના કરવી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જે પાર્ટી માટે શિસ્તભંગ સમાન છે. પક્ષની સત્તાવાર જાહેર કરાયેલ કમિટીના બનાવેલા હોદ્દેદારોની વરણી બાબતના બનાવવામાં આવેલા સત્તાવાર બંધારણનો ભંગ કરવો સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

બારપુડાની સ્મશાનભૂમિની બાજુમાં આંગણવાડીનું નિર્માણ

બાળકો અભ્યાસ માટે આવતા હોય તેવી જગ્યાએ સ્મશાન નજીક આંગણવાડી બનાવાતા વિરોધનો વંટોળ ઊભો થયો

સ્થાનિકોને વિશ્વાસમાં લીધા વગર કામ શરૂ કરાયાનો આક્ષેપ

અન્ય યોગ્ય જગ્યા નક્કી કરવામાં આવે

ગામના ભાસ્કર શિગાડેના જણાવ્યા મુજબ, સ્મશાનભૂમિની બાજુમાં આંગણવાડીનું બાંધકામ થતું હોવાથી ભવિષ્યમાં આ વિસ્તારના લોકોને મુશ્કેલી પડી શકે છે. આંગણવાડીમાં નાના-નાના બાળકો આવતા હોય છે. ત્યારે સ્મશાનભૂમિ ન બનાવવા [illegible] જાણ કરી હતી. આ વિસ્તારના લોકોની માંગ છે કે સ્મશાનભૂમિ માટે અન્ય યોગ્ય જગ્યા નક્કી કરવામાં આવે, જેથી બાળકોની સુવિધા અને અંતિમ સંસ્કારની વ્યવસ્થા બંને જળવાઈ રહે.

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના બારપુડા ગામના નાયન ખડક ફળિયામાં સ્મશાનભૂમિની બિલકુલ બાજુમાં જ આંગણવાડીનું બાંધકામ ચાલી રહ્યું હોવાનો ગામના ભાસ્કર શિગાડેએ ગંભીર આક્ષેપ કર્યો છે.

આંગણવાડીમાં નાના બાળકો અભ્યાસ માટે આવતા હોય છે, ત્યારે સ્થળ પસંદગી વખતે આસપાસના વાતાવરણ અને લોકલાગણીને ધ્યાનમાં રાખ્યા વગર જ આ કામ શરૂ કરી દેવાતા ગ્રામજનોમાં નારાજગી ફેલાઈ છે.

સ્થાનિકો સાથે કોઈ પણ પ્રકારની ચર્ચા કર્યા વિના અયોગ્ય જગ્યાએ ચાલી રહેલા આ નિર્માણ કાર્ય સામે ઉગ્ર વિરોધ શરૂ થયો છે.

આ મામલે સંબંધિત તંત્ર તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ કરે અને લોકોની રજૂઆતને ધ્યાનમાં રાખી સ્મશાન માટે કે આંગણવાડી માટે અન્ય યોગ્ય સ્થળ ફાળવે તેવી લોકમાંગ ઉઠી છે.